અમદાવાદ(રૂરલ)ના મહે.૯મા એડી.જયુડી.મેજી.ફ.ક સાહેબશ્રીની કોર્ટમાં,મુ.અમદાવાદ

ક્રિમીનલ કેસ નં.૪૫૭/૨૦૧૮

આંક:-

**-: ચુકાદો :-**

આ કામે આરોપી સામે ધી પ્રોહી કલમ ૬૬(૧)બી,૮૫(૧)(૩)મુજબના ગુન્હા અંગે સંબંધીત પો.સ્ટે દ્રારા કોર્ટ સમક્ષ ચાર્જશીટ રજુ કરવામા આવેલ છે.સદરહુ ચાર્જશીટ જોતા આરોપી ચોકકસ સમય અને ચોકકસ જગ્યાએ જાહેરમા પાસપરમીટ વગર કેફી પ્રવાહી પીધેલ હાલતમા મળી આવેલ છે પરંતુ કલમ ૮૫(૧) મુજબના શીક્ષાપાત્ર ગુન્હાના મુખ્ય તત્વો સાર્વજનીક સ્થળમા છાટકો બનેલ હોય અને ઉપદ્રવ ઉભો કરતો હોય,કોઈ વ્યકતી સાથે ઝઘડો કરતો હોય,અપશબ્દ વાળી અથવા અશીષ્ટ ભાષાનો ઉપયોગ કરતો હોય,બીજા સાથે મારામારી કરતો હોય,કોઈપણ સ્ત્રી સાથે ગેરવર્તણુક કરતો હોય અથવા અશ્લીલ ચેનચાળા કરતો હોય તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર જણાતી નથી.આમ,ચાર્જશીટ તથા તેની સાથેના નીવેદનો તથા અન્ય દસ્તાવેજો વંચાણે લેતા ૮૫(૧) મુજબનો ગુન્હો પ્રથમ દર્શનીય રીતે બનતો ન હોવાનુ જણાય છે. આથી આરોપીને ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ-૨૦૭ અન્વયે પોલીસ તપાસનાં કાગળોની નકલો આપેલી છે. આ કામે આરોપીની પ્રોહી કલમ ૬૬(૧)(બી) મુજબની પ્લી નોંધવામા આવેલ છે. જેમા તેઓએ ગુન્હાનો સ્વીકાર કરતુ નીવેદન આપેલ. વધુમાં આરોપીએ અલગથી કબુલાત પુરસીસ રજુ કરી ગુન્હાની કબુલાત કરેલ છે.જે રેકર્ડ કરી સદર આરોપીને તકસીરવાન ઠરાવવામાં આવે છે. આરોપીની ગુન્હાની કબુલાત ન માનવાને કોઈ કારણ નથી અને તેણે દયાની માંગણી કરેલ છે. તેનો આ પ્રથમ ગુન્હો હોવાનું તે જણાવે છે. હવેથી આવો ગુન્હો નહીં કરવાની તે ખાત્રી આપી પોતાની ભુલ સુધારતા માંગતા હોવાનું જણાવે છે. તથા આર્થિક પરિસ્થિતિ સારી ન હોવાનું જણાવે છે. આરોપીની કબુલાત પુરસીસ તેની મૌખિક દલીલો ધ્યાને લેતાં તથા ફરીયાદના ગુન્હાની જોગવાઈ ધ્યાને લેતાં તેમજ આજ રોજ નેશનલ લોક અદાલતમા સ્પેશીયલ સીટીંગનું આયોજન કરેલ હોય તે ધ્યાને લેતાં સદર કેસમાં આરોપીને ઓછામાં ઓછો દંડ કરવો મને ન્યાયી અને ઉચિત જણાતુ હોય નીચે મુજબનો છેવટનો હુકમ ફરમાવુ છું.

**-: હુકમ :-**

આરોપી સુરેશજી દશરથજી ઠાકોરને ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ-૨૫૨ મુજબ ધી પ્રોહી કલમ ૬૬(૧ )બી, મુજબના ગુન્હામાં તકસીરવાન ઠરાવી આરોપીને કોર્ટ ઉઠતા સુધીની સજા તથા રૂા.૫૦૦/- (અંકે રૂપિયા પાંચસો) પુરાનો દંડ ની સજા ફરમાવવામાં આવે છે જો આરોપી દંડની રકમ ન ભરે તો દિન-૩ ની સાદી કેદની સજા ફરમાવવામાં આવે છે .

આજ તારીખ-૦૮-મી, માહે-ફેબ્રુઆરી, સને-૨૦૨૦ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૦૮/૦૨/૨૦૨૦
સ્થળ : અમદાવાદ(ગ્રામ્ય)

(કુ.એસ.એન ફાળકી)
૯મા એડી.સીવીલ જજ અને જયુડી.મેજી.ફ.ક,અમદાવાદ
(ગ્રામ્ય),મીરઝાપુર
**CODE NO.001579**